ધોરણ ૧૦માં નબળુ પરિણામ ધરાવતી ૧૪ ગ્રાન્ટેડ શાળાની ગ્રાન્ટ કપાશે

ગાંધીનગર સમાચાર

# વરસાદની હાથતાળી

## સવારથી આકાશમાં ગોરંભાયેલા વાદળો છાંટણાં વરસાવી અદ્રશ્ય : બે ઘડી ભીની માટીની મહેક પ્રસરી ગરમીથી ત્રસ્ત નગરજનોની નજર આકાશ તરફ મંડરાઇ : ગરમીનો પારો ૬ ડિગ્રી ગગડ્યો

ગાંધીનગર તા ૧૯

શહેરમાં આજે સવારથી જ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદે હાઉકલી કરી હતી. સવારથી જ આકાશમાં ગોરંભાયેલા જળ ભરેલા વાદળો મન મુકીને વરસ્યા ન હતા જેના લીધે વરસાદની આશ ઠગારી નિવડી હતી. જયારે આકાશી નઝારો બદલાયેલો જોવા મળ્યો હતો. મેહુલિયો હાથતાળી આપી અદ્રશ્ય થઈ ગયો હતો. આ વાતાવરણ પલ્ટા વચ્ચે ગરમીનો પારો ૬ ડીગ્રી ગગડયો હતો. વરસાદી વાયરાના લીધે નગરજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી.વરસાદના છાંટણાના લીધે શહેરમાં બે ઘડી ભીની માટીની મહેક પ્રસરી હતી.

છેલ્લા બે મહીનાથી આગ વરસાવતી ગરમીથી ત્રસ્ત શહેરીજનો હવે વરસાદની વાટ સાથે આકાશ તરફ મીટ માંડરીને બેઠા છે. ત્યારે આજે વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદ હાથતાળી આપી અદ્રશ્ય થઈ ગયો હતો. આજે સવારથી જ આકાશમાં વરસાદી વાદળો ઘેરાતા નગરજનોમાં વરસાદની આશ જન્મી હતી. પરંતુ આકાશમાં ગોરંભાયેલા વાદળો વરસવાની જગ્યાએ માત્ર છાંટણાં વરસાવી અદ્રશ્ય થઈ જતા મેઘરાજા હાથતાળી આપી છુમંતર થઈ ગયા હતા.દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ યથાવત રહયુ હતુ જેના લીધે ગરમીનો પારો પણ ગગડયો હતો. ગરમીનો પારો ૪૦ માંથી ૩૪ ડી ગ્રી પહોંચી ગયો હતો. દિવસ દરમિયાન વરસાદી વાયરો યથાવત રહયો હતો.જો કે બપોર દરમિયાન નગરજનોએ ઉકળાટનો અનુભવ કર્યો હતો. વાતાવરણ પલ્ટાના અંતે આજે લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે પણ નહીંવત તફાવત જોવા મળ્યો હતો. લઘુત્તમ તાપમાન ૨૯.૫ ડી ગ્રી રહયુ હતુ. જયારે સવાર અને સાંજના સમયે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ ૫૧ થી ૬૧ નોંધપાત્ર રહયુ હતુ. છેલ્લા બે મહીનાથી આગ ઓકતી ગરમીએ સૌ કોઈને તોબા પોકારી દિધા છે. ત્યારે નગરજનો કાળઝાળ ગરમીમાંથી છુટકારો મેળવવા વરસાદની વાટ જોઈ રહયા છે.



પતિવ્રતા ભારતીય નારી - વ્રત અને તપ ભારતીય નારીની લાક્ષણિકતા સંસ્કૃતિ સાથે વણાયેલી છે... સીતા અને સાવિત્રી ભારતીય નારીના આદર્શ સ્વરૂપો છે... વડનું પૂજન સતી સાવિત્રીની જેમ પતિના આયુષ્ય અને સુખ માટે આજે પણ ભારતીય સંસ્કૃતિમાં લાખો મહિલાઓ કરે છે... પ્રકૃતિનું પૂજન અને સંસ્કૃતિનું રક્ષણ નારીશક્તિનું મુળભૂત કર્તવ્ય છે... યુગોથી ભારતીય નારી પ્રતિકાત્મક રૂપે વડના પૂજન દ્વારા સંસ્કારનું રક્ષણ છે... સુતરના તાંતણે વણાયેલી પ્રતિબદ્ધતા વડની આસપાસ વિંટાળીને સંસ્કૃતિ સાથે જોડતું વ્રત હજુ ઉજવાય છે... અને એ જ સંસ્કૃતિનું જતન છે....

# જિલ્લામાં મગફળીનું વાવેતર વધશે અને કપાસનું વાવેતર ઘટવાના સંકેતો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં ખરીફ ઋતુ દરમ્યાન પ્રયોગશીલ વિસ્તાર તરીકે જાણીતા માણસા તાલુકામાં ૪૦૦ હેક્ટર જેટલા વિસ્તારમાં મગફળીના વાવેતર સાથે ૨૦૦૦ હેક્ટરમાં થયેલા આ પાકના વાવેતરને લઈ આ વખતે કપાસનું વાવેતર ઘટશે તેવા સંકેત મળી રહ્યા છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૯ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ છે. જે પૈકી ૧૦ હજાર હેક્ટરમાં કપાસનું વાવેતર થયું છે પરંતુ આ વખતે જે રીતે મગફળીનું વાવેતર વધી રહ્યું છે તે જોતાં કપાસનું વાવેતર ત્રણથી ચાર હજાર હેક્ટર ઘટે તેમ મનાઈ રહ્યું છે.

માણસા તાલુકામાં છેલ્લા એક દસકામાં પહેલીવાર ૪૦૦ હેક્ટર વિસ્તારમાં મફળીનું વાવેતર આ વખતે નોંધાયું છે. સામાન્યતઃ મગફળીએ સૌરાષ્ટ્રનો પાક છે. આ વખતે સમયસરનું અને સારૂ ચોમાસા હોવાની આશાએ ખેડૂતોએ મોંઘી પડતી કપાસની ખેતીને બદલે મગફળીની ખેતી માટે મન વધારે બનાવ્યુ હોય તેમ લાગે છે.

જિલ્લામાં ખરીફ ઋતુમાં અત્યાર સુધીમાં બે હજાર હેક્ટર વિસ્તારમાં મગફળીનું વાવેતર નોંધાયું છે. વરસાદના આગમન પછી આમાં વધારો જોવા મળશે તેમ સ્પષ્ટ મનાઈ રહ્યું છે. શાકભાજીના પાકોનું વાવેતર પણ એકાદ હજાર હેક્ટરમાં થવા પામ્યુ છે. આ ઉપરાંત ચોમાસુ બાજરીનું પણ થોડુ ઘણું વાવેતર નોંધાયું છે. આ વખતે પાક પેટર્નમાં બદલાવ જોવા મળશે તેમ કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા નિષ્ણાતોનું માનવું છે.

દરમ્યાન જિલ્લામાં ખરીફ ઋતુના વાવેતરમાં આવેલી ધીમી ગતિને લઈ તંત્રના અધિકારીઓએ આકસ્મિક પાક આયોજન કરવાની પણ કવાયત હાથ ધરી લીધી છે. આ માટેની કવાયત આ સપ્તાહમાં પૂર્ણ કરી દેવાશે તેમ જાણવા મળેલ છે.

જો કે હવામાન ખાતાના સૂત્રોના કહેવા મુજબ દક્ષિણ-પશ્ચિમ ચોમાસુ હવે સક્રિય થશે અને તે મોટાભાગના વિસ્તારોને આવરી લેશે. કેરળમાંથી પ્રવેશેલુ ચોમાસુ સારી રીતે આગળ વધી રહ્યુ હોવાનું મનાઈ રહ્યુ છે.

# ધોરણ ૧૦માં નબળુ પરિણામ ધરાવતી ૧૪ ગ્રાન્ટેડ શાળાની ગ્રાન્ટ કપાશે

ગાંધીનગર તા ૧૯

ધોરણ -૧૦ માં ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી ૨૧ શાળાઓ પૈકી ગ્રાન્ટેડ શાળાઓની ગ્રાન્ટ કાપવા સુધીના પગલા લેવાશે. જિલ્લામાં ૧૪ ગ્રાન્ટેડ શાળાઓનુ પરિણામ ૩૦ ટકાથી ઓછુ આવ્યુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. અગાઉ જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા નબળુ પરિણામ ધરાવતી શાળાના આચાર્યોની બેઠક પણ યોજવામાં આવી હતી.

ધોરણ ૧૦ અને ૧૨ માં જિલ્લાની સરકારી શાળાઓના પરિણામનો ગ્રાફ સતત ઘટતા શિક્ષણ વિભાગમાં ચિંતા પેઠી છે. જયારે પરિણામ સુધારણા માટે શિક્ષણ વિભાગ દ્વારા અસરકારક પગલા લેવા પ્રયાસ કરવામાં આવી રહયા છે. ગત વર્ષ દરમિયાન પણ નબળુ પરિણામ ધરાવતી શાળાઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરી પરિણામ સુધારવા માટે વધારાના વર્ગો તેમજ વિષય શિક્ષકોની ટેસ્ટ પણ લેવામાં આવી હતી. જયારે નબળા વિદ્યાર્થીઓ પ્રત્યે વિષય શિક્ષક જાગૃત બને તેવા પ્રયાસો પણ હાથ ધરવામાં આવ્યા હતા. જેના પરિણામ ગત વર્ષ દરમિયાન નબળુ પરિણામ ધરાવતી શાળાઓમાં સુધાર આવ્યો હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે. ગત બોર્ડની પરિક્ષામાં પણ ધોરણ ૧૦ માં જિલ્લાની ૨૧ શાળાઓનુ પરિણામ ૩૦ ટકાથી ઓછુ આવ્યુ હોવાથી શિક્ષણ તંત્ર દ્વારા શાળાના આચાર્ય સાથે બેઠક યોજવામાં આવી હતી. જેમાં પરિણામ સુધારણા માટે જરૂરી આયોજન અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. આગામી દિવસોમાં વિષય શિક્ષકોની ટેસ્ટ પણ લેવાશે. જયારે ૩૦ ટકાથી ઓછુંપરિણામ ધરાવતી ૨૧ શાળાઓ પૈકી ૧૪ ગ્રાન્ટેડ શાળાઓની ગ્રાન્ટ પણ કપાત થશે શિક્ષણ વિભાગ દ્વારા આ શાળાઓની ગ્રાન્ટ પર કાતર ફેરવાશે.

# ફુટપાથના ગાબડા પુરવા ૧૫ લાખ ખર્ચાયા પણ કેબલ ખોદકામથી નવા ખાડા ખોદાયા

## લાખોના ખર્ચ પર વોક વે પર ખાડા યથાવત રહેતા નાગરિકોને હાલાકી : તંત્ર ખાડા પુરવા નવી દરખાસ્ત રજુ કરશે

ગાંધીનગર તા ૧૯

શહેરમાં ફુટપાથ નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ જાળવણીના મામલે તંત્ર ઉદાસીનતા દાખવતા વોક વે પર આમ નાગરિકો માટે જાણે ડગલે ને પગલે દુવિધા ઉભી થઈ હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. ફુટપાથના સમારકામ પાછળ રૂ ૧૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યા બાદ પણ હજુ કેટલાક ઠેકાણે ગાબડા જોવા મળી રહયા છે. સ્માર્ટ સિટી અંતર્ગત હાથ ધરાયેલી કેબલની કામગીરના લીધે ફુટપાથ પર ઠેર ઠેર ખાડા અસ્તિત્વમાં આવ્યા છે. તંત્ર દ્વારા ફુટપાથના ગાબડા પુરવા સર્વે કરી હજુ નવી દરખાસ્ત કરવામાં આવશે.

શહેરમાં ફુટપાથની કામગીરી માટે તબક્કાવાર હાથ ધરાયેલી કામગીરીના અંતે નગરના મુખ્ય માર્ગો સહીત આંતરિક માર્ગો આસપાસ પર ફુટપાથનુ નેટવર્ક ઉભુ કરવામાં આવ્યુ છે. જયારે બાકી રહેતા વિસ્તારમાં પણ ફુટપાથનુ કામ હાથ ધરવા માટે આગામી દિવસોમાં ગતિવિધિઓ હાથ ધરવામાં આવશે. બીજીતરફ ફુટપાથની જાળવણીના મામલે તંત્ર

● અનુસંધાન પાન-૫ પર


### દુઃખદ અવસાન



જયશ્રી સ્વામીનારાયણ સાથે જણાવવાનું કે જશાભાઈ ડી. પટેલ (ગુજ.રાજ્ય ના.પૂ.નિગમ લિ.)ના સુપુત્ર ઘનશ્યામ જે. પટેલ વરણામાં/ગાંધીનગર હાલ યુ.એસ.એ.નું તા.૧૨-૬-૧૬ને જયેષ્ઠ સુદ આઠમને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના. સદ્ગતનું બેસણું તા.૨૧-૦૬-૧૬ને મંગળવાર સવારે ૯ થી ૧૨ કલાકે નીચેના સરનામે રાખેલ છે.

સ્થળ : ઘનશ્યામ- પ્લોટનં. ૪૦૮, સેકટર-૨૯, ગાંધીનગર.

લિ.
જે.ડી.પટેલ (કેનેડા) ફોન. ૬૪૭૭૧૦૫૩૧૯
કનુભાઈ ડી. પટેલ (વરણામાં)
ધરતી જે. પટેલ મો.૯૮૨૫૦૧૦૫૫૮

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.


## ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ

બ્લોક નં.૧૮, ૮મો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

બોર્ડ ખાતેની હાલની કામગીરીઓને ધ્યાને લેતા બોર્ડ દ્વારા બ્લેક એન્ડ વ્હાઈટ ઝેરોક્ષ કોપી એ-૪ સાઈઝ, કલર પ્રિન્ટ એ-૪ સાઈઝ, ઝમ્બો એ-૩ સાઈઝ બ્લેક એન્ડ વ્હાઈટ, ઝમ્બો એ-૩ સાઈઝ કલર, બટર કોપી પ્લાન ઝેરોક્ષ, બ્લેક એન્ડ વ્હાઈટ પ્લાન ઝેરોક્ષ કોપી તથા કલરમાં, કલર પ્લોટર કેપી તથા કલર પ્લોટર કોપી સ્કેનીંગ સાથે, નકશાઓનું પ્રિન્ટીંગ, સ્પાઈરલ બાઈન્ડીંગ વગેરે જેવી કામગીરઓ કરાવવાની જરૂરિયાત ઉભી થતી હોય છે. આ કામગીરીમાં રસ ધરાવતી સંસ્થાઓએ બોર્ડ દ્વારા નિયત કરેલ ભાવપત્રક રૂ. ૧૦૦ (અંકે રૂપિયા સો પુરા) નોન રીફંડેબલ રોકડા ચુકવી કચેરી ખાતેથી મેળવી લેવા વિનંતી છે. ઉપરોક્ત ટેન્ડર ફોર્મ મેળવવાની છેલ્લી તારીખ ૨૭/૬/૨૦૧૬ (રજાના દિવસો સિવાય) છે, તથા ફોર્મ મેળવવાનો સમય બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦ વાગ્યા સુધીનો રહેશે. ત્યાર બાદ ટેન્ડર આપવામાં આવશે નહી. રસ ધરાવતી સંસ્થાઓએ પોતાના ભાવ નિયત કરેલ ટેન્ડર ફોર્મમાં ભરી સીલબંધ કવરમાં તા. ૮/૭/૨૦૧૬ સાંજે ૫-૦૦ વાગ્યા સુધીમાં (રજાના દિવસો સિવાય) ઉપરોક્ત જણાવેલ સરનામે પરત આપવાના રહેશે. બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલ તારીખ પછી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં. કોઈપણ ભાવ સ્વીકારવાની કે તમામ ભાવો રદ કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીની રહેશે.

મુખ્ય કારોબારી અધિકારી

## જાહેર નોટીસ

હું ડી.એન. મોદી (I.A.S.), મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર મહાનગરપાલિકા, ગાંધીનગર આથી સંબંધકર્તા સર્વેને આ નોટીસથી જણાવું છું કે, પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ અન્વયે ૫૦ માઈક્રોનથી ઓછી પાતળી થેલી (કેરી બેગ્સ, કમ્પોસ્ટેબલ પ્લાસ્ટીક સિવાય) ઉત્પાદન, સંગ્રહ, વાપરવા તથા વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં નાગરિકો દ્વારા પાતળી થેલીનો ઉપયોગ કરી જાહેર સ્થળો, બગીચા, ખુલ્લા પ્લોટો, રમત-ગમતના મેદાનમાં જ્યાં ત્યાં ફેંકી દેવામાં આવે છે. જેને કારણે જાહેર આરોગ્યને તથા પર્યાવરણને નુકસાન થાય છે. તેમજ આવી થેલીઓ ગાય તથા વગેરે પશુઓ તે થેલીમાં રહેલ એંઠવાડ થેલી સહિત ખાવાને કારણે મૃત્યુ પામે છે. આથી આવી પ્લાસ્ટીક થેલીઓનો ઉપયોગ જાહેર આરોગ્યને નુકસાનકર્તા તથા ઉપદ્રવકારક છે.

જેથી ગાંધીનગર શહેરની હદમાં કોઈપણ જાડાઈની પ્લાસ્ટીક થેલીનું ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ કરવાનો પ્રતિબંધ ફરમાવું છું. આ પ્રતિબંધ તા. ૨૦/૬/૨૦૧૬થી અમલી બનશે.

આ જાહેર નોટીસનું ઉલ્લંઘન કરનાર સામે કાયદાની કલમ-૩૭૬/એ હેઠળ તેમજ અન્ય જોગવાઈ હેઠળ પગલાં લેવામાં આવશે અને જરૂરી જણાયે સી.આર.પી.સી.ની કલમ-૧૩૩ હેઠળ જાહેર ન્યુસન્સ ઉભું કરવા માટે જરૂરી ફોજદારી કાર્યવાહી માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સહી/-
ડી. એન. મોદી (I.A.S.),
મ્યુનિસિપલ કમિશનર,
ગાંધીનગર મહાનગરપાલિકા


## પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. અવિનાશભાઈ એમ. રાવલ
(જેઠ સુદ - પૂનમ)
(૧૫/૫/૨૦૧૧)

સમય કેટલો ઝડપથી વહી જાય છે. આજે આપની કરૂણ વિદાયને પાંચ વર્ષ પૂર્ણ થઈ ગયા.

આજે આપને શ્રદ્ધાંજલિ આપતા અમારી આંખો અશ્રુથી છલકી પડે છે. મૃત્યુએ ભલે તમને ઓચિંતો દગો આપીને અમારી પાસેથી ઝુંટાવી લીધા, પરંતુ આત્માથી તો આજ પણ અમારી પાસે જ છો. તમારા મૃત્યુના વિષાદની તે વસમી ક્ષણ જ્યારે યાદ આવે છે ત્યારે અમે બધા જાણે કે અતિતની ગહેરાઈ અને ગમગીનીના ઉંડા મહાસાગરમાં ડુબી જઈએ છીએ.એક ક્ષણમાં તમે સદાને માટે ફોટોફ્રેમ ને ફુલોના હારમાં જાણે કે કેદ થઈ ગયા પરંતુ અમોને પુરેપુરો વિશ્વાસ, આશા અને શ્રદ્ધા છે કે, તમારી અમીદૃષ્ટિ અમારી ઉપર અવિરત વરસતી રહેશે જ...

ઈશ્વર આપના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના સહ...

લિ.
ગં.સ્વ. પુષ્પાબેન એ. રાવલ
વિભૂતિ બી. પંડ્યા
હિતેશ એ. રાવલ
અરૂણા એચ. ભટ્ટ
નીતા એચ. રાવલ
મંદાકિની એચ. જોષી
ઉદય એ. રાવલ
ઈન્દીરા પી. રાવલ
ભારતી યુ. રાવલ
સોનલ એચ. વ્યાસ
હની ● મીહુ ● ઋચા ● મેધા ● આસ્થા

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com